**કેશોદ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં.થર્ડ ૧૭૬/૧૯ ના કામે આરોપી ધીરેનભાઈ અમૃતલાલ કારીયા રહે.જુનાગઢ વાળાની <u>જામીન (આંક–૦૩) ની અરજી તળે હુકમ</u>**

**ફો.કે.નં.૩૧૪/૨૦**

આરોપીના વિ.વ.શ્રીએ આરોપીની જે જામીન અરજી રજુ કરેલ છે તે વંચાણે લીધી, અને તે વંચાણે લઈએ તો આરોપીએ રેગ્યુલર જામીન તેમજ તેના વિકલ્પમાં દિન–૩૦ ના વચગાળાના જામીન આરોપીની પત્નિને કોરોના થયેલ હોવાથી મંજુર કરવા માટે અરજ ગુજારેલ છે. તેમજ મૂખ્યરૂપે દલીલો કરતા જણાવે છે કે, હાલના આરોપી પાસેથી તેના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી અને હાલના આરોપીએ નામ.વંથલી કોર્ટમાં જુનાગઢ એસ.પી. સાહેબ સામે તેમજ પોલીસ સામે ફરીયાદ કરતા તેનો ધ્વેષભાવ રાખીને હાલના આરોપીને હાલના ગુનાના કામે સંડોવેલ છે અને તેમની સામે ખોટીરીતે તપાસ કરીને હાલનુ ચાર્જસીટ રજુ કરેલ છે. હાલના આરોપી સમાજના પ્રતિષ્ઠિત વ્યકિત છે તેમજ તેમના પત્નિ કે જેઓ જુનાગઢ મહાનગરપાલિકામાં કોર્પોરેટર છે તેઓને કોરોના થયેલ છે અને તેઓના બે સગીર બાળકો છે જેથી તેમની દેખરેખ કરવા માટે આ તમામ બાબતો ધ્યાને લેતા હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવા જોઈએ.

સરકારી વકીલશ્રીએ આ બાદ દલીલો કરતા જણાવેલ છે કે હાલના આરોપી એક નહી પણ વધુ ગુન્હામાં સંડોવાયેલ છે અને તે આ સિવાય અન્ય ગુનાઓના કામે પણ જેલમાં છે, અને જયારે આ ગુનાના કામની હકીકત ધ્યાનમાં લઈએ તો પોલીસે હાલના ગુનાના કામે કબજે કરેલ મુદામાલ હાલના આરોપીએ અન્ય રાજયમાંથી મંગાવેલ અને ત્યારબાદ તે કેશોદ મુકામે આપેલ છે, તેવુ તપાસમાં ખુલેલ છે અને તપાસમાં અને તપાસના અંતે પુરાવો મળી આવતા હાલના આરોપી સામે નામ.કોર્ટમાં પુરવણી ચાર્જસીટ કરવામાં આવેલ છે. જેનો ક્રિમીનલ કેસ નં.૩૧૪/૨૦ પડેલ છે. અને આમ આરોપીએ એક ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે જેથી આરોપીની હાલની આ જામીન અરજી રદ્દ એટલે કે નામંજુર કરવી જોઈએ તેવી અરજ ગુજારેલ છે.

બંને પક્ષોની દલીલ ધ્યાને લીધી તેમજ અત્રેની કોર્ટ સમક્ષ રહેલ રેકર્ડ ધ્યાને લીધુ અને તે ધ્યાને લઈએ તો આરોપીની અટક એક કરતા વધુ ગુનામાં કરવામાં આવેલ છે તે દેખાઈ આવતી સ્પષ્ટ બાબત છે તેમજ આરોપી પર હાલના ગુનાના કામે કબજે કરેલ મુદામાલ અન્ય રાજયમાંથી મંગાવીને વીતરણ કરવાનો તેમજ વેચવાનો આક્ષેપ છે અને તે બાબતે તપાસ કરતા તપાસના અંતે આરોપી સામે ચાર્જસીટ કરવામાં આવેલ છે તે પણ સ્પષ્ટ દેખાય આવતી રેકોર્ડ ઉપરની બાબત છે આમ કે જયારે આરોપી એક કરતા વધારે ગુનાઓમાં સંડોવાયેલ છે ત્યારે તેમજ આરોપી સામે તપાસના અંતે જયારે ચાર્જસીટ થયેલ છે ત્યારે તે બાબતની ગંભીરતા ધ્યાને લેતા તેમજ મુદામાલનો પ્રકાર તેમજ રકમ કે જે રૂા. ૩૩,૧૬૮૦૦/– અંકે રૂા.તેત્રીસલાખ સોળહજાર આઠસોની છે તે ધ્યાને લેતા તેમજ આરોપીને આ જે ગુનાના કામે અટક કરવામાં આવેલ છે તેમાં આપેલ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા આરોપીની જામીન અરજી મંજુર કરવી તે યોગ્ય જણાય આવતુ નથી. અત્રેની કોર્ટને આરોપીના વિ.વ.શ્રીએ આરોપીની પત્નિનું કોવીડ–૧૯ નુ ટેસ્ટીંગ ફોર્મ તેમજ અર્બન હેલ્થ સેન્ટર મહાનગરપાલિકા સોસાયટી ધ્વારા આપવામાં આવેલ દવાઓ તેમ બે દસ્તાવેજો રજુ કરેલ છે. પરંતુ આરોપીના પત્નિ દવાખાનામાં સારવાર હેઠળ હોય તેવી કોઈ હકીકત રેકોર્ડ ઉપર નથી કે તે બાબતના કોઈ દસ્તાવેજો અત્રેની કોર્ટમા રજુ કરેલ નથી. આથી વિશેષ આરોપીના વિ.વ.શ્રીનુ જણાવવુ છે કે, આરોપીના બે બાળકો સગીર છે પરંતુ તેઓએ આ હકીકતને ટેકો આપવા માટે બાળકોના જન્મના દાખલા કે તે બાબતે અન્ય કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ આરોપી ના વિ.વ.શ્રીએ અન્ય એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે જેનાથી એવુ સ્પષ્ટ જણાઈ આવે કે, હાલના આરોપી સિવાય આરોપીની પત્નિની તેમજ તેમના બાળકોની દેખરેખ કરવા માટે અન્ય કોઈ વ્યકિત તેમના કુટુંબના રહેલ નથી. આમ આ તમામ બાબતો ધ્યાને લેતા જામીન અરજી સાથે સાથે આરોપીના વિ.વ.શ્રીએ આ જ અરજીમાં જે દિન–૩૦ ના વચગાળાના જામીન માગેલ છે તે પણ મંજુર કરવા યોગ્ય જણાય આવતુ નથી. આમ આ તમામ બાબતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો તે યોગ્ય જણાય આવે છે.

**–:: હુ ક મ ::–**

આરોપી ધીરેન અમૃતલાલ કારીયા, રહે.જુનાગઢ વાળાની જામીન અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૨૫મી**, માહે **ઓગષ્ટ**, સને **૨૦૨૦** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તારીખ : ૨૫/૦૮/૨૦૨૦.

**(કે.આર.ગોહેલ)**
એડી.ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
કેશોદ. (GJ01162)